# મૂર્તિમાં ભગવાનને જુઓ

સને ૧૮૯૧ના ફેબ્રુઆરી માસની એક સવારે સ્વામી વિવેકાનંદજી અલવર સ્ટેશને ઉતર્યા. ત્યાં એક બંગાળી ડોક્ટર શ્રી ગુરૂચરણ લશ્કર સાથે તેમને પરિચય થયો. સ્વામીજીના મુખની તેજસ્વિતા, વાક્ચાતુર્ય અને સત્ય સદાચારીપણાથી અનેક લોકો તેમના તરફ આકર્ષાયા. અલવરના દિવાન મેજર રામચંદ્રે પણ સ્વામિજીની દિવ્યતાની અનુભૂતિ કરી. એ સમયે અલવરના રાજા મંગલસિંહ ખાનપાન, રહેણીકરણીમાં પશ્ચિમના રંગે રંગાઈ ગયેલા. તેથી દિવાન રામચંદ્રને એમ થયું કે આવા દિવ્યપુરૂષ જો રાજા મંગલસિંહને મળે તો મહારાજાનું જીવન બદલાઈ જાય.

દિવાને સ્વામીજી સાથે મહારાજાની મુલાકાત ગોઠવી. થોડાઘણા શિષ્ટાચાર બાદ મહારાજાએ સ્વામી વિવેકાનંદને પૂછ્યું, 'સ્વામીજી, આપ વિદ્વાન છો, સારી રીતે કમાઈ શકો છો તો પછી આપ ભીખ શા માટે માગો છો? ઉત્તરમાં સ્વામીજીએ સામો પ્રશ્ન કર્યો. મહારાજા સાહેબ, પ્રજા પ્રત્યેની આપની ફરજ મૂકીને યુરોપિયનો સાથે આપ શિકારા જ બધો સમય ગાળો છો શા માટે?' મહારાજા બોલ્યા, 'એ તો હું કહી શકતો નથી, પરંતુ મને એ ગમે છે ખરું.' ત્યારે સ્વામીજી કહે, 'મને પણ ભીક્ષા માગવી ગમે છે.' મહારાજાએ સ્વામીજીને બીજો પ્રશ્ન કર્યો તે થોડો કટાક્ષથી પ્રશ્ન પૂછ્યો, સ્વામીજી, મને મૂર્તિપૂજામાં શ્રધ્ધા નથી તો મારું શું થશે? સ્વામીજીને કટાક્ષનો ખ્યાલ આવી ગયો. લેશમાત્ર ઉશ્કેરાયા વિના તેઓ બોલ્યા, 'તમો હૃદયની જીજ્ઞાસાથી નહિ પણ રમૂજમાં પૂછો છો' ત્યારે મહારાજા કહેવા લાગ્યા, 'ના, સ્વામીજી! મને બીજા લોકોની પેઠે લાકડાં, માટી, પથ્થર કે ધાતુની પૂજા કરવી ગમતી જ નથી. તો પરલોકમાં મારૂં શું થાશે?' સ્વામીજીએ કહ્યું પ્રત્યેક મનુષ્યે ધાર્મિક બાબતોમાં પોતાની શ્રધ્ધા મુજબ ચાલવું જોઈએ. આટલું બોલીને દિવાલ પર સામે જ લટકતી મહારાજાની છબી મંગાવી. દિવાનને પૂછ્યું, આ છબી કોની છે? દિવાને કહ્યું, 'આ છબી તો અમારા મહારાજા સાહેબની છે.' સ્વામીજી કહે તમે આ છબી ઉપર થૂંકો. આ વાક્ય સાંભળી દિવાન ગભરાઈ ગયા. પરંતુ સ્વામીજી બેધડક કહેવા લાગ્યા હું કહું છું ને આની ઉપર આ છબી ઉપર થૂંકો. દિવાન કહે, 'સ્વામીજી અમારાથી, અમારા મહારાજ સાહેબની છબી પર કેમ થૂંકાય?'



સ્વામીશ્રી ગંભીર બની ગયા કહે, 'આ છબી મહારાજની છે. પરંતુ એમાં મહારાજા સ્વયં બેઠા તો નથી ને?' આમાં મહારાજાના હાડ, ચામ, માંસ લોહી કશું જ નથી. આ તો માત્ર કાગળનો ટૂકડો છે. આ છબી મહારાજાની જેમ બોલતી ચાલતી નથી. તમો તે પર થૂંકવાની વાતથી ગભરાઈ ગયા છો કારણ એટલું કે તમે આ છબીમાં મહારાજાને જુઓ છો અને તેથી જ તે છબી પર થૂંકવાનું મહારાજા સાહેબનું અપમાન સમજો છો.

આમ કહી સ્વામીજીએ મહારાજા સામે જોયું. અને આગળ બોલ્યા, 'જુઓ મહારાજા સાહેબ, આમાં એક રીતે જોતાં આપ પોતે નથી છતાં બીજી રીતે આપ જાતે જ આમાં રહેલા છો. એથી જ આપના વફાદાર અધિકારીઓ છબી પર થૂંકવાની વાતથી ગભરાઈ ગયા. આ છબી તો તમારી છાયા છે.

તેમને એ તમારી યાદ આપે છે. તે છબીની સામે જોતાં જ તમને એ તમારી યાદ આપે છે. એની સામે જોતાં જ તેમાં સૌને આપના દર્શન થાય છે. આવો જ ભાવ દેવદેવીઓની પથ્થર કે ધાતુની મૂર્તિ પૂજનારા ભક્તોનો હોય છે.

તેઓ મૂર્તિમાં ભગવાનને જુએ છે એ તેની પૂજા કરે છે. એ મૂર્તિ તેમને દેવનું સ્મરણ કરાવે છે. મનને એકાગ્ર કરવામાં મદદ કરે છે. તેઓ કંઈ મૂર્તિને પથ્થર કે ધાતુ તરીકે પૂજતા નથી. માટે મહારાજા સાહેબ, પ્રત્યેક મનુષ્ય એ એક જ ઈશ્વરને ભજે છે કે જે પરમાત્મા છે, જ્ઞાન સ્વરૂપ છે અને તે પરમાત્મા સૌને પોતપોતાની બુધ્ધિ અને ભાવના પ્રમાણે દેખાય છે.'

સ્વામીજીની શાશ્વત સત્યપ્રેરિત વાત મહારાજા મંગલસિંહ એક ધ્યાનથી સાંભળી રહ્યા હતા. મહારાજાએ સ્વામીજીને હાથ જોડીને કહ્યું, 'સ્વામીજી! આપશ્રીનો આ ઉપદેશ સાંભળી મારો ભ્રમ દૂર થયો છે. મૂર્તિ પૂજા પાછળનું રહસ્ય હું જાણતો ન હતો. આપે મારી આંખો ખોલી નાંખી છે. મારી શી ગતિ થશે? મારા પર કૃપા કરો. મહારાજાની અસ્વસ્થતા નિહાળી સ્વામી વિવેકાનંદજીએ કહ્યું, 'ઈશ્વર પરમ કૃપાળુ છે. દયાનિધાન છે. પ્રાર્થના કરો તો એ જરૂર કૃપા કરશે.' સ્વામીજીએ મહારાજા મંગલસિંહનું જીવન બદલી નાખ્યું.

# જીવન જીવવાની કળા

૮૨ વર્ષની ઉંમરે શ્રી મોરારજી દેસાઈ ભારતના વડા પ્રધાન બન્યા. ૮૨ વર્ષે વડા પ્રધાન! ૮૨ વર્ષનો માનવી એટલો મોટો બોજો ઉપાડવા માટે શારીરિક અને માનસિક દૃષ્ટિએ કેટલો બધો સુસજ્જ હોવો જોઈએ?

માણસો મોટી ઉંમરે પણ સક્રિય જીવનમાં તરબોળ રહી શકે, માંદા થઈને પથારીમાં ના પડે અને નિરોગી જીવન જીવે તેનું કાંઈ રહસ્ય છે ખરું? એનું રહસ્ય એટલું જ છે કે ઉંમરની સાથે જીવનશક્તિનાં પૂર ઓસરવા ના દેવાં હોય તો કોઈ પણ સંજોગોમાં મનથી ટટાર રહો.

આપણે ત્યાં માણસો મનથી હારી જાય છે. વહેલાં હારી જાય છે અને મનથી વહેલાં નિવૃત્ત થઈ જાય છે. ઉંમરનો કાંટો ૫૫-૫૮ આસપાસ પહોંચે, ત્યાં માણસો થાકીને બેસી જવાની તૈયારી કરે છે.

માણસોએ અમુક ઉંમરે નોકરી છોડવી પડે, તેવું તો ગોઠવવું જ પડે. નોકરી, બેશક, છોડી દો, પણ જીવવાનું બંધ ના કરો. તમારી ઉંમર ગમે તેટલી હોય, તમે તમારી જાતને ખોડા ઢોર જેવી ના ગણો. માણસ છો, તો છેલ્લી ઘડી સુધી લડો - લડતાં લડતાં જ મરો, મરતાં મરતાં પણ લડો. એટલું નક્કી કરી નાખો કે, મરીશ તો લડતાં લડતાં જ મરીશ, યમરાજ મળવા આવશે તો તેને ઓફિસ કે દીવાનખાનામાં જ મળીશ - શયનખંડમાં નહીં જ મળું.

જેમણે જિંદગીમાં કાંઈક કર્યું છે, તેવા માણસોનાં જીવન તપાસશો તો તમને દેખાશે કે, આ લોકો કામ કરતા રહ્યા છે, કપરો સંગ્રામ ખેલતા રહ્યા છે, વારે વારે પોતાની ઉંમરનાં ટીપણાં ઉખાળતા બેસી રહ્યા નથી.

પશ્ચિમ જર્મનીના એક વારના ચાન્સેલર એડોનરનું જીવન જ ૬૦ વર્ષ પછી શરૂ થયું હતું. ચર્ચિલનું સાચું રાજકીય જીવન પણ ૬૦ વર્ષ પછી શરૂ થયું. ચર્ચિલના એક ચરિત્રકારે નોંધ્યું છે કે, ચર્ચિલનું મૃત્યુ ૬૦ વર્ષે થયું હોત તો બ્રિટનના ઈતિહાસમાં તેનું નામ કોઈ નાના પ્રકરણની ફૂટનોટમાં જ દટાઈ ગયું હોત. ચંગેઝખાનની જિંદગી ખરેખર ૫૬મા વર્ષે શરૂ થઈ હતી. બ્રિટનના જાજરમાન વડા પ્રધાનો ડીઝરાયલી અને ગ્લેડસ્ટન જિંદગીની સંધ્યાટાણે સૂરજની જેમ ઊગ્યા હતા. રવીન્દ્રનાથ ટાગોર ૫૫ વર્ષની ઉંમરે અંગ્રેજીમાં કવિતા કરવા બેઠા અને નોબેલ પારિતોષિક મેળવવા સદ્‌ભાગી બન્યા. દુનિયામાં લાખો લોકો આજે પણ જે કથા રસપૂર્વક વાંચે છે, તેની હાસ્ય અને કરુણતા માણે છે, તે 'ડોન ક્વીઝોટ'નો લેખક સર્વાન્ટીસ દારુણ ગરીબીમાં ૫૮ વર્ષની ઉંમરે એ વાર્તા લખવા બેઠો હતો. અમેરિકાના પ્રમુખ અબ્રાહમ લિંકન ૫૫ વર્ષના થયા ત્યાં સુધી તેમને જિંદગીમાં કરુણ પરાજયો જ મળ્યા કર્યા હતા. અને ઘણાંને તો કદાચ મળે પણ નહીં. પરિણામો આપણા હાથમાં નથી, કર્મ આપણા હાથમાં છે. માણસે પોતાને સંતોષ થાય અને જીવન સાર્થક લાગે તેવું કાર્યક્ષેત્ર નક્કી કરી નાખવું જોઈએ અને પછી તેમાં ગૂંથાઈ જવું જોઈએ.